# માર્ચ -2014 ધોરણ 10 ની એસ.એસ.સી. પરીક્ષાના આવેદનપત્રો ઓનલાઇન ભરવા માટેની સૂચના

- માર્ચ-2014નીએસ.એસ.સી.પરીક્ષામાં ઉપસ્થિત થનાર નિયમિત/રિપિટર/આઇસોલેટેડ,**GSOS**ના ખાનગી/નિયમિત/રીપીટર, તથા **સંસ્કૃતપ્રથમાના** નિયમિત અને રીપીટર ઉમેદવારોના આવેદનપત્રો માર્ચ-2007ની પરીક્ષાથી અમલી બનેલ વિષય માળખા મુજબ ફરજીયાત ON LINE ફોર્મ શાળા કક્ષાએથી જ ભરવાના રહેશે. ON LINE ફોર્મ ભરવાની કામગીરી શરૂ કરતાં પહેલા તમામ ઉમેદવારોના ફોટોગ્રાફ તથા તેની સહી સ્કેન કરી ટૂંકા નામથી સેવ કરી એક ફોલ્ડરમાં અગાઉથી મૂકી રાખવા. પ્રત્યેક ઇમેજ **100PXL X 120 PXL 5 KB થી 20 kb** વધે નહી તે રીતે હોવી જોઇએ. તે જ પ્રમાણે પ્રત્યેક ઉમેદવારની સહી કાળી સહીથી કરાવવી. જો આપની શાળામાં અપંગ ઉમેદવાર હોય તો તેના મેડીકલ સર્ટિફીકેટ પણ સેવ કરી રાખવાનું રહેશે.
- ઓનલાઇન આવેદનપત્ર ભરવાનો સમયગાળો **તારીખ** :- **૧૫/૧૦/૨૦૧૩ થી ૧૫/૧૧/૨૦૧૩** સાંજે ૬-૦૦ કલાક સુધી નક્કી કરવામાં આવ્યો છે.
- ત્યાર પછી, લેઇટ ફી સાથે

  (1) તારીખ 16/11/2013 થી 25/11/2013 સુધી ઉમેદવાર દીઠ રૂ. 50/-

  (2) તારીખ 26/11/2013 થી 30/11/2013 સુધી ઉમેદવાર દીઠ રૂ. 100/-
- પ્રથમ ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડની વેબ સાઇટ www.gseb.orgઓપન કરવાની રહેશે.
- તેમા Student Examination Registration ફોર્મના sscexamregistration ના બટન (icon)પર ક્લીક કરવી. અથવા તો http://sscexamreg.gseb.org ની વેબસાઇટ ઓપન કરવી.
- Student Examination Registration માટેના ત્રણ ઓપ્શન થશે. (1) 10th Student Registration (2) 12th Student Registration (General) તેમાંથી ધોરણ-10 માટે "10th Student registration" પર ક્લીક કરવાનું રહેશે. તે ક્લીક કરતાં Student Examination Registration નું ફોર્મ ઓપન થશે. જેમાં જમણી બાજુ આપની શાળાનો સ્કુલ ઇન્ડેક્ષ નંબર કેન્દ્રનું નામ નંબર અને ઝોન નંબર દેખાશે તે મુજબ શાળાનું પરીક્ષા કેન્દ્ર રહેશે. અને ડાબી બાજુ સ્કુલનું નામ દર્શાવેલ હશે.
- તેમાં **0 REGULAR 0 REPEATER 0 ISOLATED** ત્રણ Option દેખાશે. તેમાંથી નિયમિત ઉમેદવાર માટે **0 REGULAR** ઉપર ક્લીક કરવું. બીજી વાર પરીક્ષામાં ઉપસ્થિત થનાર ઉમેદવાર માટે **0 REPEATER** ઉપર ક્લીક કરવું. તથા એક વખત પરીક્ષામાં FULLY PASS જાહેર થયા બાદ તે સિવાયના અન્ય કોઇ વિષયની પરીક્ષા આપવા માંગતા હોય તેના માટે **0 ISOLATED** ઉપર કલીક કરવાનું રહેશે.

- Student Examination Registration ફોર્મનું અલગ પેજ ઓપન થશે. તેમાં લોગ ઇન આઇડી માં એસ.એસ.સી. પરીક્ષાનો સ્કુલ ઇન્ડેક્ષ નંબર લખવાનો રહેશે અને જિલ્લા શિક્ષણાધિકારીશ્રીની કચેરી દ્વારા ફાળવવામાં આવેલ પાસવર્ડ એન્ટર કરવાનો રહેશે. જો પાસવર્ડ મેળવ્યો ન હોય તો DEO કચેરીમાંથી GIPL દ્વારા ફાળવેલ પાસવર્ડ મેળવી લેવાનો રહેશે. તથા પોતાની ONLINE SCHOOL REGISTRATION ની પ્રક્રિયા પૂર્ણ કરવાની રહેશે. ત્યારબાદ જ આવેદનપત્રો ભરી શકાશે. **નવી રજીસ્ટર** થયેલી શાળાઓએ પણ જીલ્લાની શિક્ષણાધિકારી કચેરીમાંથી પાસવર્ડ મેળવી લેવાના રહેશે.
- શાળા કક્ષાએ ઉપસ્થિત થનાર દરેક વિદ્યાર્થીના પાસપોર્ટ સાઇઝના કલર ફોટોગ્રાફ તથા સહી કરેલ ફોલ્ડર ઓપન કરી સંબંધિત ઉમેદવાર્નો ફોટો મંગાવી સ્કેનર પર 5 kb થી 20 kb સાઇઝ માં સુધીની JPEG ફાઇલ સ્કેન કરી કોમ્પ્યુટરમાં સેવ કરવી. સંબંધિત ઉમેદવારનો સ્કેન કરેલ ફોટો Student Examination Registration ફોર્મમાં બ્રાઉઝર નામના બોક્ષમાં ક્લીક કરી ફોટોગ્રાફ જે ફોલ્ડર કે સાઇઝમાં મૂક્યો હોય તે ફોટોગ્રાફ સીલેક્ટ કરી ઓપનના ચેકબોક્ષમાં ક્લીક કરીઅપલોડના બોક્ષમાં ક્લીક કરવું. તેમ કરતા સબંધિત ઉમેદવારનો ફોટો દેખાશે. તે મુજબ ઉમેદવારની સીગ્નેચર માટે પણ કરવું.
- લોગ ઇન આઇ ડી અને પાસવર્ડ એન્ટર કર્યા પછી લોગ ઇનના એક બોક્ષ ઉપર ક્લીક કરવુ.
- લોગ ઇન થતાં હોમ પેજમાં
- ત્યાર બાદ અપલોડ થયેલ ફોટાના ઉમેદવારની માહિતી સદર ફોર્મમાં ભરવાની રહેશે.
- ઝોન કોડ, ઝોનનું નામ, સેન્ટર કોડ, સેન્ટર નામ, માધ્યમિક શિક્ષણ બોર્ડ દ્વારા કોમ્પ્યુટરમાં એન્ટર કરવામાં આવ્યા છે. તેમાં શાળા કક્ષાએથી કોઇ સુધારો થઇ શક્શે નહિ. ભવિષ્યમાં કોઇ સુધારો કરવાનો થશે તો તેમાં બોર્ડ કક્ષાએથી સુધારો કરવામાં આવશે.
- ઉમેદવારની અટક, નામ તથા પિતા / પતિનું નામ, જન્મતારીખ, માધ્યમ આપની શાળામાં એક થી વધુ માધ્યમ નોંધાયા હશે તેટલા માધ્યમ " મીડીયમ " માં દર્શાવેલા હશે. તેમાંથી સંબંધિત ઉમેદવારનું સંલગ્ન ભાષાનું માધ્યમ દર્શાવવાનું રહેશે. દા.ત. અંગ્રેજી માધ્યમ હોય તો " ઇંગ્લીશ " સીલેક્ટ કરવું, સિંધી માધ્યમ હોય તો " સિંધી " સીલેક્ટ કરવું.
- ફાધર્સ પ્રોફેશન્સમાં ઉમેદવારના વાલી જે કોઇ નોકરી ધંધા સાથે જોડાયેલા હોય તે મુજ્બ ડ્રોપ ડાઉન બોક્ષમાંથી સીલેક્ટ કરવું.
- ફાધર્સ એન્યુઅલ ઇન્કમમાં ઉમેદવારના વાલીની જે ઇન્કમ હોય તે ડ્રોપડાઉન બોક્ષમાંથી સીલેકટ કરી કલીક કરવું.
- કાસ્ટમાં ચાર ઓપ્શનમાંથી જે લાગું પડતું હોય તેના ચેકબોક્ષ ઉપર કલીક કરવું.
- જેન્ડરમાંMALE/FEMALE ઓપ્શનમાંથી જે લાગું પડતું હોય તેના ચેકબોક્ષ ઉપર કલીક કરવું.

- જે ઉમેદવાર ના વાલી BPL CARD ધરાવતા હોય તો **0 YES** ઉપર ક્લીક કરીતેનો કાર્ડ નંબર દર્શાવવાનો રહેશે. ( **ફરજીયાત** નથી)
- આધાર કાર્ડ ધારાવતા હોય તો આધાર કાર્ડ નંબર દર્શાવવો . (**ફરજીયાત** નથી)
- Widow child જે વિધવા માતાનો બાળક હોય તેના માટે **0 YES** દર્શાવવાની છે
- Minority type જે ઉમેદવાર લઘુમતિકોમ ના હોય તો **0 YES** દર્શાવવાનું છે
- સ્ટુડન્ટ આઇડી અને એપ્લીકેશન નંબરમાં આચાર્યએ કોઇપણ એન્ટ્રી કરવાની રહેશે નહિ. ફોર્મ સબમીટ કર્યા પછી કોમ્પ્યુટર બાય ડીફોલ્ટ સ્ટુડન્ટ આઇડી અને એપ્લીકેશન નંબર ફાળવશે.
- સ્કુલ ઇન્ડેક્ષ નંબરના ખાનામાં માધ્યમિક શાળાનો ઇન્ડેક્ષ નંબર.,GSOS ના ઉમેદવાર માટે ઓપન સ્કુલ નો ઇન્ડેક્ષ નંબર તથા સંસ્કૃત પ્રથમાનો ઉમેદવાર માટે તેનો ઇન્ડેક્ષ નંબરએન્ટર કરવો.
- સ્કુલ જોઇનીંગ ડેટમાં માધ્યમિક શાળામાં દાખલ થયા તારીખ G.R. મુજબ એન્ટર કરવી. **ખાનગી ઉમેદવાર** માટે એનરોલ્મેન્ટ નંબર ફરજિયાત ભરવાનો છે .
- સ્કુલ ટાઇપમાં આપની શાળાને લાગુ પડતું હોય તો તેના ચેકબોક્ષ ઉપર ક્લીક કરવું.
- **ખાનગી ઉમેદવાર** માટે candidates has not studied in any school ? (જો પહેલા અભ્યાસ કર્યો હોય તો 0 YES અને ના કર્યો હોય તો NO ટીક કરવું.
- **ખાનગી ઉમેદવાર** માટે Birth certificate અથવા એફિડેવીટ ઓફ એજ પ્રુફ 100PXL X 120 PXL 5 KB થી વધે નહી તે રીતે અપલોડ કરવાનું રહેશે.
- **ધો -7 પાસ કર્યુ છે કે નહી તે ફરજીયાત** 0 YES કે NO દર્શવવાનું રહેશે .
- કોન્ટેક્ટ ઇન્ફોર્મેશનમાં રહેઠાણનું સરનામું એડ્રેસના કોલમમાં ગામનો પીન કોડ સહિત દર્શાવવું તથા ફોન નંબર કે મોબાઇલ નંબર અચુક દર્શાવવો. તાલુકા/મ્યુનિસિપાલ/સીટી/વિલેજ **ફરજીયાત** જે લાગુ પડતુ હોય તે દર્શાવવું.
- ઉમેદવાર કે વાલીનું ઇમેલ આઇડી **ફરજીયાત** દર્શાવવાનું છે
- **Handicapped** ડીટેલ્સમાં જો ઉમેદવાર 40% થી વધુ વિકલાંગતા ધરાવતા હોય તો **Handicapped** ના સામે Yes માં કલીક કરવું. ત્યારબાદ Disability ટાઇપમાં ચારમાંથી જે લાગુ પડતું હોય તે ડ્રોપબોક્ષમાંથી સીલેકટ કરી કલીક કરવાનું રહેશે. વિકલાંગતાનું પ્રમાણપત્ર સ્કેન કરી તેની ફાઇલ કોમ્પ્યુટરમાં સેવ કરી સંબંધિત ઉમેદવારની ફાઇલ સર્ટી. માં બ્રાઉઝના બોક્ષ પર ક્લીક કરી સીલેક્ટ કરવી ત્યાર બાદ અપલોડ કરવું.
- જે માધ્યમના ઉમેદવારનું આવેદનપત્ર ભરતા હોય તે સિલેક્ટ કર્યા બાદ આમુજબની સ્કીન દેખાશે. દા.ત ગુજરાતી માધ્યમ.
- Select Subject for Exam (ગુજરતી માધ્યમ.)

1.First Language Guj 01
2.SecondLanguage (i) Eng 16

3. Second Language (ii) ......................બીજી ભાષામાં ઓપ્શનમાં અલગ-અલગ ભાષામાંથીઆનેત્યાં ચાલતી હોય તેવી ભાષા પસંદ કરી કલીકકરવું.

4. Social Science 10

5. Science & Technology 11
6. Maths 12

ઉપર જણાવેલ વિષયો ગુજરાતી મધ્યમના છે. તે જ પ્રમાણે અન્ય મિડિયમ ચાલતી શાળાઓ માટે FIRST LANGUAGE & SECOND LANGUAGE (i),(ii) મિડીયમ મુજબ રહેશે.

- Optional Subject Subject Name
  Optional – (i)દા,તComputer Theory 24 Optional Subject માં આપની શાળામાં ચાલતી મરજીયાત વિષયને પસંદ કરી કલીક કરવું.
  Optional – (ii) Computer Practical 51
- Candidate Sign-Browse કરી upload કરવીછેલ્લે Submit પર કલીક કરવું.
- Submit પછી Student નો **I.D Number**અને StudentનોApplication Number નોટ કરી લેવો.શાળાના વિધાર્થીનું ફોર્મ ભરવા માટે એક ન્યુ રેકોર્ડના બટન ઉપર કલીક કરવાનું રહેશે. આ રીતે એક પછી એક વિધાર્થીના ફોર્મ ભરી શકાશે.
- બોર્ડ ધ્વારા 6 વિષયોની પરીક્ષા.

શાળાએ કક્ષાએ(થીયરી+ પ્રેકટીકલ ) – 1 વિષયની પરીક્ષા

કુલ 7 વિષયોની પરીક્ષા.

બોર્ડનીફી ૨૧૦/- સ્ક્રીન પર દેખાશે. (ગયા વર્ષ મુજબ)

ત્યાર બાદ મુખ્ય પેજ ઉપર આવેલ Menu Bar આવેલ Option Principal Approval માં જવું .

- Stream – ધોરણ-૧૦
- Sub Stream – ધોરણ-૧૦
- Exam Month & Year March- 2014
- Student Name
- Guardian Name નાખ્યા પછી -સર્ચ (Search) પર કલીક કરો.
- Student I.D.No...............
- Student Application No. .............. આ બન્ને નંબર આપની કક્ષાએ નોંધી રાખવાના રહેશે. બાદમાં Student Name આવશેતમામવિગતોSubmit કરવું.

Print Application Massage આવશે.

- Student I.D – 50/469/00000007896
- Student Application No. SS/RG/50/469/000001
- Principal Approval – Yes / No
- Print Application – પ્રથમ પેજ ઉપર પાછા આવવું, કલીક કરવું.
- StudentType Regular પર કલીક કરવું જેથી આપની શાળાના **REGULAR** ઉમેદવારોનું લીસ્ટ દેખાશે.તે જ પ્રમાણે **REPETAR** પર કલીક કરવાથી **REPETAR** ના ઉમેદવારોની યાદીઆવશે અને **ISOLATED** પર કલીક કરવાથી માત્ર **ISOLATED** ઉમેદવારોની યાદી દેખાશે.
- Search પર કલીક કરવું નીચેબોક્ષમાંવિધાર્થીની તમામ વિગતો Student I.D., STD,Application No. વિગેરે દેખાશે.
- છેલ્લેSubmit પર કલીક કરવું.
- Principal Approval Status Updatedલાલ અક્ષરે લખેલ આવશે જ્યાં સુધી Principal Approval નથાય ત્યાં સુધી ફી અંગેનું ચલણ Generate થશે નહીં.

- ચલણ GENERATE  થયા પછી તેની ચાર કોપી પ્રીન્ટ કરવાની રહેશે.
- જેમાં, દરેક કોપી  પર નીચે મુજબ લાલ પેનથી મોટા અક્ષરે લખવાનું રહેશે.
  1. શાળા કોપી
  2. ફાઇલ સાથે મુકવાની કોપી
  3. બોર્ડની  કોપી
  4. બેંકની કોપી
- પ્રીંટ આઉટ લીધેલ ચલણ મારફતે  જ સ્ટેટ બેંકનીનજીકની  શાખામાં જઇ ફી ભરવાનીરહેશે. અને ચાર કોપી ઉપર બેંકના સહી સિક્કા કરાવવાના રહેશે. આવેદનપત્ર પ્રમાણિત કરીને આચાર્યશ્રીએ ઓફિસ ખાતે રાખવાની રહેશે. બોર્ડના ચલણની નકલ બોર્ડ દ્વારા હવે પછીથી સુચિત કર્યા મુજબ મોકલવાની રહેશે.
- ચલણના નમુનાની કોપી  આ સાથે સામેલ છે.
- આ તમામ પ્રકીયા પુર્ણ થયા  બાદ જ **FINAL PRINCIPAL APPROVAL**કરવાનું રહેશે.
- આ વખતે ઓનલાઇન આવેદનપત્રો ભરાઇ ગયા બાદ પ્રિલિસ્ટ ચકાસણી અર્થે બોર્ડ દ્વારા મોકલવામાં આવશે નહી. જેથી શાળાઓએ સંપૂર્ણ ચકાસણી કરીને કાળજીપૂર્વક આવેદનપત્રો ભરવાના રહેશે.

પરીક્ષા સચિવ
ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક
શિક્ષણ બોર્ડ, પરીક્ષા વિભાગ,
વડોદરા.